ICE®

MIND MAP

# ભારતનું બંધારણ

MIND MAP 08

## વીટો (Veto)

- આત્યંતિક વીટો (Absalute Veto)
- નિલબંનકારી વીટો (Suspensive Veto)
- પોકેટ વીટો (Pocket Veto)

- અનુચ્છેદ 111 મુજબ રાષ્ટ્રપતિને વીટો શક્તિ આપવામાં આવેલ છે. જે મુખ્યત્વે ત્રણ પ્રકારની છે.

## 1. આત્યંતિક વીટો (Absalute Veto)

- આ વીટો શકિત અંતર્ગત સંસદના બન્ને ગૃહમાંથી પસાર થયેલ ખરડો જ્યારે રાષ્ટ્રપતિ પાસે આવે છે. ત્યારે રાષ્ટ્રપતિ તે ખરડાને **સંપૂર્ણપણે** રદ કરે છે. જેથી ખરડો કાયદો બની શકતો નથી. જેને આત્યંતિક વીટોનો ઉપયોગ કર્યો ગણાય.

## 2. નિલંબનકારી વીટો (Suspensive Veto)

- આ એક મર્યાદિત શકિત ધરાવતો વીટો પાવર છે. જેમાં સંસદના બન્ને ગૃહમાંથી પસાર થયેલ ખરડો જ્યારે રાષ્ટ્રપતિ પાસે આવે છે. ત્યારે રાષ્ટ્રપતિ તેના પર હસ્તાક્ષર ન કરતા ગૃહમાં પાછો પુનઃવિચારણા માટે મોકલે છે.
- આ વિચારણા બાદ તે ખરડામાં કોઈ સુધારા કરીને કે કર્યા વગર ફરી જ્યારે રાષ્ટ્રપતિ પાસે મૂકવામાં આવે છે. ત્યારે રાષ્ટ્રપતિ માટે આવા ખરડા પર હસ્તાક્ષર કરવા **ફરજિયાત** છે. જે આ વીટો પાવરની મર્યાદા છે.
- રાષ્ટ્રપતિ **નાણાં ખરડા** (Money Bill) માટે આ વીટો પાવરનો ઉપયોગ કરી શકતા નથી.
- નાણાં ખરડાને રાષ્ટ્રપતિ મંજૂરી આપે છે, અથવા રદ કરી શકે છે. પરંતુ સંસદમાં પુનઃવિચારણા માટે ક્યારેય મોકલી શકતા નથી.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### 3. પોકેટ વીટો (Pocket Veto)

➤ જ્યારે રાષ્ટ્રપતિ કોઈ ખરડાને મંજૂરી ન આપે અને રદ પણ ન કરે કે પછી સંસદમાં વિચારણા માટે પરત પણ ન કરે અને પોતાની પાસે અનિશ્ચિત સમય માટે રાખે ત્યારે તેને પોકેટ વીટોનો ઉપયોગ કર્યો ગણાય.

**Fact**

➤ 24માં બંધારણીય સુધારા, 1971થી બંધારણીય સુધારા અંગેના ખરડામાં રાષ્ટ્રપતિ વીટો પાવરનો ઉપયોગ કરી શકતા નથી. આવા ખરડામાં રાષ્ટ્રપતિ મંજૂરી આપવા બાધ્ય છે.

➤ ઈ.સ. 1986માં ભારતના રાષ્ટ્રપતિ શ્રી **જ્ઞાનિ ઝૈલ સિંઘ** દ્વારા ભારતીય ડાક (સુધારા) અધિનિયમ સંદર્ભે પોકેટ વીટોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

